# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-07-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## PM – ઓપરેશન સિંદૂર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ઓપરેશન સિંદુર દરમિયાન મેડ ઇન ઇન્ડિયા ડ્રોન અને મિસાઇલોએ પાકિસ્તાનની પોલ ખોલીને મૂકી દીધી છે. લોકસભામાં ઓપરેશન સિંદુર પર ચર્ચાનો જવાબ આપતા શ્રી મોદીએ જણાવ્યું કે, ઓપરેશન સિંદુર હજુ ચાલુ છે અને પાકિસ્તાન જો દુસ્સાહસ કરશે તો તેનો મક્કમ જવાબ આપવામાં આવશે.

અગાઉ, ચર્ચામાં ભાગ લેતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે ગઈકાલે ઓપરેશન મહાદેવ દરમિયાન ભારતીય સેના, સીઆરપીએફ અને જમ્મુ-કાશ્મીર પોલીસે પહલગામ આતંકવાદી હુમલામાં સામેલ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

---------------------------------------------------------------------------------------------------

## CM – આકાંક્ષા મંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ગુણવત્તાયુક્ત વિકાસ અને જનકલ્યાણમાં સંતૃપ્તિના સંકલ્પની સિદ્ધિ થકી વિકસિત ભારતમાં વિકસિત ગુજરાત અગ્રેસર રહેશે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલા “સંપૂર્ણતા અભિયાન સન્માન સમારોહ”માં આજે શ્રી પટેલે આ વાત કહી.

આ પ્રસંગે તેમણે દાહોદ, નર્મદા, બનાસકાંઠા, કચ્છ, પંચમહાલ, સુરેન્દ્રનગર, તાપી, પાટણ, ડાંગ, છોટા ઉદેપુર એમ કુલ 10 જિલ્લામાં આગામી એક સપ્તાહ સુધી યોજાનારા ‘આકાંક્ષા હાટ’નો પણ પ્રારંભ કરાવ્યો.

---------------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય શિક્ષણ મંત્રી

**કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું, જેમજેમ દેશ વિકસિત ભારતના લક્ષ્યાંક તરફ આગળ વધી રહ્યો છે. તેમતેમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આગળ વધવાના માર્ગદર્શક રાષ્ટ્રીય અભિયાન તરીકે કામ કરે છે. ગત પાંચ વર્ષમાં સરકાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી સરકાર દ્વારા શિક્ષણ પ્રણાલિમાં આદર્શ પરિવર્તન કરાયું છે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના પાંચ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે અખિલ ભારતીય શિક્ષા સમાગમ 2025નું ઉદ્ઘાટન કરતા શ્રી પ્રધાને** આ મુજબ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------------

## કલેક્ટરને એવોર્ડ

**ભારત સરકારના નીતિ આયોગ દ્વારા દેશના 500 તાલુકાઓમાં સરકારની વિવિધ યોજનાઓ જરૂરતમંદો સુધી પહોંચાડીને લક્ષ્યાંક પૂર્ણ કરવા બદલ કચ્છના લખપત અને રાપર તાલુકાની શ્રેષ્ઠ કામગીરીને ધ્યાને લઈ કચ્છના વહીવટી તંત્ર વતીથી કલેકટર આનંદ પટેલને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગરમાં સુવર્ણ ચંદ્રક આપી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.**

---------------------------------------------------------------------------------------------------------

## માંડવી – અટલ ભુજ યોજના તાલીમ

**માંડવી તાલુકામાં રાજપર ગામે મેઘવંશી ગુર્જર સમાજવાડી ખાતે અટલ ભૂજલ યોજના હેઠળ તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં અટલ ભૂજલ યોજનાના અધિકારીઓ દ્વારા અટલ ભૂજલ યોજનાની શરૂઆત, અટલ ભૂજલ યોજના હેઠળ કરવામાં આવેલા કામ, ગ્રામ પંચાયતને ફાળવામાં આવેલા સાધન, પાણીના સ્તર ઊંચા કઈ રીતે લાવવા સહિતની બાબતે માહિતી આપવામાં આવી હતી. આ તાલીમમાં ૫૫ ખેડૂતોએ ભાગ લીધો હતો. .**

---------------------------------------------------------------------------------------------------------

## પાલનપુર : સામખિયાળી અંડર પાસ બંધ

પશ્ચિમ રેલવે અમદાવાદ વિભાગના પાલનપુર-સામખિયાળી અને મહેસાણા-વિરમગામ રેલવે વિભાગમાં આવેલા 5 અંડરપાસ આગામી 30 સપ્ટેમ્બર સુધી જાહેર વાહન વ્યવહાર માટે બંધ રહેશે. ચોમાસાની ઋતુ દરમિયાન પાણી ભરાવાના કારણે આ નિર્ણય કરાયો છે.

-----------------------------------------------------------------------------------------------

## ઉર્જામંત્રી : સોલાર રૂફ ટોપ સિસ્ટમ

છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન રહેણાંક, સરકારી, વ્યાપારી અને ઔદ્યોગિક, સંસ્થાકીય, સામાજિક અને ખાનગી સંસ્થાઓમાં ગ્રીડ-કનેક્ટેડ રૂફટોપ સોલર સિસ્ટમ્સની કુલ 15 હજાર 206 મેગાવોટ ક્ષમતા સ્થાપિત કરવામાં આવી છે, એમ સંસદમાં જણાવવામાં આવ્યું હતું.

ઊર્જા રાજ્યમંત્રી શ્રીપાદ નાયકે અગાઉ ગૃહમાં જણાવ્યું કે, 14 જુલાઇ સુધીમાં દેશમાં 15 લાખ 45 હજાર ઘરોમાં રૂફ ટોપ સોલર સિસ્ટમ છે, જેમાંથી ગુજરાતમાં પાંચ લાખ 23 હજાર ઘરોનો સમાવેશ થાય છે.

ફેબ્રુઆરી, 2024માં શરૂ કરવામાં આવેલી પીએમ સૂર્યઘર મુફ્ત બિજલી યોજનાનો મહત્વનો ઘટક દેશનાં દરેક જિલ્લામાં મોડલ સોલર વિલેજ વિક્સાવવાનો છે.

-----------------------------------------------------------------------------------------------

## જિલ્લામાં હથિયાર બંધી

કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી અંતર્ગત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે સાવચેતીના પગલાં રૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ અન્વ યે અધિક જિલ્લાધ મેજિસ્ટ્રે ટએ તા.૧૨ ઓગસ્ટ સુધી સમગ્ર કચ્છ જિલ્લાીમાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે.